# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૮૨ વર્ષ - ૧૬ : નવેમ્બર–૨૦૧૨

## કારતક સુદ ૨, ગુરુવાર તા. ૦૨-૧૧-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૫૭ ઉપર પ્રવચન, પ્રવચન–૧૩૮

**આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે. આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે. ૩૫૭.**



'વચનામૃત' ૩૫૭. **'આ સંસારમાં જીવ એકલો જન્મે છે,...'**

મુમુક્ષુ :– શરીર સહિત જન્મે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– શરીરેય જુદું છે. શરીર શરીરની સાથે આવે છે. આત્મા તો એકલો (જન્મે છે). જેવા એણે રાગ-દ્વેષ આદિ કર્યા છે એ રીતે લઈને એકલો આવે છે. કર્મ તો કર્મને કારણે આવે છે. આહા..હા..! એકલો મરે છે, દેહ છૂટે ત્યારે એકલો ચાલ્યો જાય છે. કોઈ કુટુંબ, પરિવાર જેને માટે પાપ કર્યાં દીકરા, દીકરી માટે એ કોઈ સાથે આવતું નથી. આહા..હા..! આયુષ્ય પૂરું (થયા પછી) સાથે કોઈ આવતું નથી, શરીર સાથે આવતું નથી. એકલો ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા એકલો પોતાના પુણ્ય-પાપના ભાવ લઈને આવે. આહા..હા..!

**'એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે,...'** ચોરાશીના અવતારમાં. આહા..હા..! ચાર ગતિ પરિભ્રમણમાં એકલો કરે છે, કોઈ મદદગાર નથી ત્યાં. આહા..હા..! **'એકલો મુક્ત થાય છે.'** મુક્તિ પણ એકલો થાય છે.

એને પરનો કોઈ સાથ નથી. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એનો અનુભવ કરીને સ્થિર થઈને એકલો મુક્ત થાય છે. એને કોઈ સાથ સાથે આવે છે એમ છે નહિ. આહા..હા..! **'તેને કોઈનો સાથ નથી.'** આહા..હા..! જેને માટે પાપ કર્યા બાયડી, છોકરા, કુટુંબ, ધન એનો કાંઈ સાથ નથી. પડ્યા રહે છે અહીં. આહા..હા..!

**'માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે.'** આહા..હા..! મને ઠીક શરીરનો આશ્રય ઓથ મળે, કુટુંબ-કબીલા મારી સેવા અનુકૂળ કરે, એમ અજ્ઞાની પોતે ભ્રમણાથી માને છે. આહા..હા..! માત્ર ભ્રમણા, મિથ્યાત્વ છે, ભ્રમણા. આહા..હા..! ઓલો લેખ આવે છે કથામાં. બે ભાઈઓ હતા. એક નાના ભાઈને રોગ થયેલો એટલે મોટા ભાઈ દવા કરતાં એની. એમાં ઇંડા ને રસ લાવતા. આને ખબર નહિ કે ઇંડાનો રસ છે. પછી એ લાવીને ગયો તો એ મરીને નરકમાં ગયો અને આ જે હતો એ કાંઈક પરમાધામી થયો ત્યાં. જેને રોગ હતો એ મરીને પરમાધામી થયો, જે દવા લાવીને આપતો એનો ભાઈ એ નારકી થયો. મારે એને. અરે..! પણ મેં તમારે માટે પાપ કર્યાં. પણ કોણે કીધું તને મારે માટે કર ? ઇંડાનો રસ ને ઇંડાને લાવતો. એને નહિં કહેતો કે, આ ઇંડાનો રસ છે. મેં તને કે દિ' કીધું હતું ? તને મારવાનો જ અત્યારે હક છે. આહા..હા..! સંસાર એવો અનાદિ ચાલે છે.

ભ્રમણામાં પરનો ઓથ, આ ઓથ એટલે આશ્રય લેવા માગે છે કે આનાથી મને મળશે, આનાથી મળશે. રોગ આવે તો આમ નજર કર્યા કરે; આમ દવા, ડૉક્ટર સામું. અરે..! મને કોઈ બચાવે, મને કોઈ બચાવે. કોણ બચાવે ? બાપુ ! આહા..હા..! આયુષ્યની સ્થિતિ પૂર્ણ થતાં એને કોણ રાખે ? કોઈનો સાથ, કોઈનો ઓથ છે નહિ. આહા..હા..!

**'આમ ચૌદ બ્રહ્માંડમાં (ચૌદ રાજૂ લોકમાં) એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય.'** માતા દીકરાના મરણથી જે આંસુ (વહાવે), એ આંસુના સમુદ્ર ભરાય. એટલી વાર એ દુઃખે મરી ગયો છે. આહા..હા..! કરોડો રૂપિયા હોય, કરોડોના મકાન હોય. આહા..હા..! છે ને આપણે અત્યારે અહીં, નહિ ? 'આમોદ', 'આમોદ'વાળા. 'મુંબઈ' અમે ઉતર્યા હતા ને ? આપણે 'આમોદ'વાળા ભાઈ. સીત્તેર લાખનું એક મકાન છે. 'આમોદ' છે. અમારે 'પાલેજ' પાસે 'આમોદ' (છે). ત્યાં ભાઈ છે ને 'મુંબઈ'માં ? ત્યાં ઉતર્યા હતા ને ? એ મકાન સીત્તેર લાખનું એક મકાન. એવા પૈસા ઘણા પાંચ, છ કરોડ રૂપિયા છે. આહા..હા..! કોઈ શરણ નથી, બાપુ ! કીધું આમાં. અને તદ્દન નજીક દરિયો છે.

મુમુક્ષુ :– એમનું મકાન હતું તો એને આપનો લાભ મળ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળેય નથી, લાભ શું મળે ? એનાથી લાભ શું થાય ? એ તો શુભભાવ હોય, પુણ્ય થાય, એ બંધન છે. આહા..હા..! એ તો ઠીક પણ ત્યાં આગળ હું આમ દરિયામાં નજર કરતો, નજીક દરિયો. સીત્તેર લાખનું મકાન એક જ, હોં ! એવા તો ઘણા મકાન. મોટો ગૃહસ્થ છે, બહુ નરમ માણસ છે. 'આમોદ'ના આપણા દિગંબર છે. આમ નજર કરતાં બગલા માછલા દરિયામાં લેવા જાય. અરે..રે..! કીધું, આ બગલા ક્યાં સુધી જાતા હશે ? ભાઈ ! મેં પૂછ્યું. આપણે તો ત્યાં પહેલાં રહેલા નહિ. વીસ વીસ માઈલ સુધી એ બગલા દરિયામાં આધાર વિના માછલા ખાવા જાય. આહા..હા..! અરે..રે..! આ જાય ને પાછા મરીને નરકે જવાના. અરે..રે..! એણે શું કર્યું ? કાંઈ ખબર ન મળે. આહા..હા..! એકલો બ્રહ્માંડમાં પરિભ્રમણ કર્યું. આહા..હા..! બાપ મરીને નરકે જાય, દીકરો મરીને સ્વર્ગે જાય. બાપ મરીને સ્વર્ગે જાય, દીકરો મરીને નરકે જાય. ક્યાં એને સંબંધ લેવા-દેવા કાંઈ. આહા..હા..!

**'જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે,...'** આહા..હા..! કાલ કહ્યું હતું. 'છ ઢાળા'માં આવે છે કે,

ત્રસપણું મળે એ ચિંતામણી સમાન છે. 'છ ઢાળા'માં આવે છે. પંડિતજી !

મુમુક્ષુ :– 'દુર્લભ લહિ જ્યોં ચિંતામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી.' (પહેલી ઢાળ, ગાથા–૫).

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઇ 'છ ઢાળા'માં આવે છે. ત્રસપણું મળે તો ચિંતામણી સમાન. મનુષ્યપણાની તો વાત શી કરવી. આહા..હા..! 'છ ઢાળા'માં આવે છે. આહા..હા..! અરે..! એને મનુષ્યપણું મળ્યું પણ એને કીંમત ન મળે. આહા..હા..!

**'પરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે,...'** આહા..હા..! **'તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે,...'** આહા..હા..! પરને માટે ન રોકાતા, આહા..હા..! પોતાનું હિત કરવા જેવું છે. હું આત્મા આનંદ સ્વરૂપ છું. મારા આનંદની પ્રાપ્તિ માટે કોઈ પદાર્થની જરૂર નથી. મારું સુખ તો મારામાં છે. મારા સુખને માટે કોઈ ચીજ બાહ્યમાં નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, બંગલા એ કોઈ સુખના કારણ નથી, એ તો દુઃખના નિમિત્ત છે. આહા..હા..!

સુખ તો ભગવાન આત્મા... હરણની નાભીમાં કસ્તુરી પણ હરણને કસ્તુરીની કિંમત નથી. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો સાગર (ભર્યો છે)... આહા..હા..! એને લેવા માંગતો નથી ને બહારમાં ભ્રમણા આમાં ને આમાં ને, આમાં ને. આહા..હા..! અહીંથી સુખ મળે ને અહીંથી સુખ મળે. ક્યાં સુખ છે ? શેના તારા ઝાંવા આ શેના છે ? પ્રભુ ! આહા..હા..! અહીં લક્ષ્મી ન મળે તો પરદેશમાં જાય. પરદેશમાં પચાસ, સાંઈઠ, સાંઈઠ વર્ષ કાઢે. ન્યાંથી જાણે મળશે સુખ. ધુળેય નથી ત્યાં. આહા..હા..!

આત્મામાં આનંદ છે. **'આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે,...'** આહા..હા..! **'વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે.'** વીજળીનો ઝબકારો આવે તો મોતી (પરોવી લે) એમ આ મનુષ્યનો ભવ વીજળીના ઝબકાર જેવો મળ્યો છે. પચ્ચીસ, પચાસ, સાંઈઠ વર્ષ થઈ જાય તો દેહ છૂટી જશે. આહા..હા..! **'આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે.'** ભાઈ ! આહા..હા..! પચ્ચી, પચાસ, સાંઈઠ, સો વર્ષ કેટલા ? આહા..હા..! **'અલ્પ કાળમાં ચાલ્યા જશે.'**

**'માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે,...'** પરને મારા, પુણ્ય-પાપ મારા એમ માનીને **'એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા,...'** આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે ત્યાં એકલો જા. આહા..હા..! તારી વર્તમાન પર્યાયને ત્યાં જોડી દે. ત્રણ લોકનો નાથ આનંદકંદ પ્રભુ આત્મા, વર્તમાન પર્યાયને ત્યાં જોડી દે. એ સુખનો પંથ છે. આહા..હા..! પર્યાયને રાગ-દ્વેષ ને પુણ્ય-પાપમાં જોડતા દુઃખની દશા છે. આહા..હા..! કેમ બેસે ? બધા કરે છે, અમે કરીએ છીએ. બાપુ ! બધા કરે છે તે કરે છે, એનો અર્થ શું ? આહા..હા..! તારે કરવાનું તો આ છે.

રાગ અને વર્તમાન પર્યાયને રાગથી તો ભિન્ન છે પણ એ પર્યાયને અંતરમાં વાળવી. આહા..હા..! એ કાંઈ વાત છે. ચૈતન્ય લક્ષણે લક્ષિત જે પર્યાય છે, રાગ નહિ, દયા-દાન નહિ, વિકલ્પ નહિ, એ વસ્તુ ભિન્ન છે. આહા..હા..! એ ચૈતન્ય લક્ષણે જે લક્ષિત પર્યાય છે એ લક્ષણ તે જેનું છે એ લક્ષ ત્યાં વાળ. આહા..હા..! ભાષા તો છે પણ ભાવ તો બાપા ! આહા..હા..! કરવાનું સ્વતંત્રપણાનું તો આ છે. **'એકલો જ સુખના પંથે જા,...'** કોઈની ત્યાં મદદ ને સથવારો નથી. આહા..હા..! **'એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે.'** આહા..હા..! હું આત્મા આનંદસ્વરૂપ પ્રભુ (છું), એવી દૃષ્ટિ લગાવ આનંદમાં અને એકલો અનુભવ કરીને એકલો સ્થિર થઈને મુક્તિને પામીશ. આહા..હા..! વૈરાગ્યની વાતું કરી.



## શ્રી પરમાગમસાર, વચનામૃત–૩૪૮-૩૪૯-૩૫૦ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૩ (તા.૨-૯-૧૯૮૩, ભાવનગર)

**'દ્રવ્ય તો ત્રિકાળી નિરાવરણ છે. પણ વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે.'** એટલે મિથ્યાત્વની દશામાં રાગ પોતારૂપ છે એમ પોતાની સાથે રાગનું મિશ્રિતપણું મિથ્યાભાવે કર્યું છે. રાગ જ્ઞાનસ્વરૂપે થયું છે કે જ્ઞાન રાગસ્વરૂપે થયું છે એવું તો બન્યું નથી. વસ્તુસ્થિતિએ એવું બન્યું નથી. જ્ઞાની એમ જાણે છે. પણ મિથ્યાદૃષ્ટિ જીવને વિપરીત અનુભવ છે. હું પોતે રાગમય અને રાગરૂપ થઈ ગયો હોઉં એવો એને અનુભવ આવે છે. એ દશાને એમ કહ્યું, **'વર્તમાન પર્યાયમાં રાગાદિને મિશ્રિત કર્યા છે. તોપણ...'** મિશ્રિત કર્યા છે તોપણ એમ કહીને વાત લીધી છે.

એવી દશા પ્રાપ્ત હોવા છતાં, એવી દશા વર્તતી હોવા છતાં, જો ભેદજ્ઞાનથી એટલે જુદાપણાના, બંનેના જુદાપણાના પ્રકારને અવલોકવામાં આવે, અનુભવવામાં આવે અને એ જુદાપણું અનુભવ કરવાની કુશળતા હોય એટલે એટલી ત્યાં કળા છે, એટલી Technique છે એમ લેવું. મોક્ષાર્થીજીવને ત્યાં **'રાગની દશાની દિશા પર તરફ છે અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે.'** એમ જોવમાં આવે છે. જ્ઞાન છે એ પર તરફ નથી પણ જ્ઞાનનું વલણ સ્વ તરફ છે. જ્ઞાનનું જ્ઞાનમાં વેદન છે, એવું જે જ્ઞાનનું સ્વરૂપ છે–જ્ઞાનનો જે સ્વભાવ છે, એની દશાની દિશા એનું વલણ સ્વ તરફ છે. જેવું રાગનું વલણ છે એવું જ્ઞાનનું વલણ નથી. રાગ જે પર તરફ વર્તી રહ્યો છે એવું રાગનું સ્વરૂપ જોવામાં આવતું નથી. દિશાફેર દેખાય છે આમ કહે છે.

માત્ર પરસન્મુખ જ્ઞાનનો પરિચય છે એવા જ્ઞાનને અહીંયાં લક્ષમાં લેવું નથી. જ્ઞાનની દશા એમ કહી એટલે પર તરફવાળી જ્ઞાનની દશા એમ પહેલેથી પૂર્વગ્રહ બાંધવો નહિ. જ્ઞાનની દશા વિષે એવા કોઈ પૂર્વગ્રહથી જોવું નહિ. તો આ જ્ઞાન તો પર તરફ જઈ રહ્યું છે ને? આ જ્ઞાન તો પર તરફ પરિણમી રહ્યું છે ને? એમ નહિ. જે જ્ઞાન માત્ર જ્ઞાનરૂપે છે એ જ્ઞાનની દશા, એની દિશા પર તરફ નથી. એવું જ્ઞાનનું સ્વરૂપ છે.

રાગથી ભિન્ન પાડવાની આ પ્રક્રિયા છે, કે રાગથી ભેદજ્ઞાન કેવી રીતે કરવું? અથવા રાગથી જુદા કેવી રીતે પડવું?

રાગ વિનાનું એકલું જ્ઞાન છે એમાં સ્વપણું, પોતાપણું, પોતાની હસ્તિ, પોતાનું અસ્તિત્વ, પોતાની હયાતી છે એમ જોવામાં આવે ત્યારે એ જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે એમ જણાય છે, એમ જોવાય છે. જે રાગમાં પોતાની હયાતી જોવે છે એને જ્ઞાનની દશાની દિશા પણ પર તરફ જણાય છે.

બીજી રીતે સ્પષ્ટ કરીએ તો જ્ઞાનની દિશા પર તરફ ક્યારે જણાય છે? કે પર એવો જે રાગ એમાં અહંપણું સ્થાપ્યું છે, એમાં અસ્તિત્વ વેદ્યું છે, એમાં અનાદિનું અસ્તિત્વ રાખ્યું છે (એ) એમ ને એમ રાખતા તો જ્ઞાન પણ એને પર તરફ છે એમ દેખાશે. પણ એ જ્ઞાન એકલું જ્ઞાન છે એમાં પોતાનું સ્વપણે અસ્તિત્વ છે, એમાં પોતાપણું છે. એવું પોતાનું વેદન પોતાના જ્ઞાનમાં જોતાં **'જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે.'** એમ બેની દિશા ભિન્ન છે. કેમ કે ક્રિયાવાન છે. અહીં દશા લેવી છે ને? અહીંયાં રાગ પણ ક્રિયાવાળું છે, જ્ઞાન પણ ક્રિયાવાળું છે. એકની દિશા આ બાજુ છે, એકની દિશા આ બાજુ છે. આમ બેની દિશામાં મોટો

ફેર છે. જ્યાં સુધી આ વાત તને લક્ષમાં ન આવે, અંદર જ્ઞાનમાં ન આવે, અંદર સમજમાં ન આવે ત્યાં સુધી ત્યાં એને શોધ કરવી જોઈએ અને ખોજ કરવી જોઈએ. બીજે ક્યાંય પણ પરિણામને નહિ લંબાવતા, પરિણામોને એક જ સ્થાનમાં સ્વરૂપ સંશોધનમાં, સ્વરૂપ શોધનમાં લગાવવા જોઈએ. 'ખોજી જીવે વાદી મરે.' 'બનારસીદાસે' એટલું બધું કહી દીધું. 'ખોજી જીવે વાદી મરે.' આવું સ્વરૂપનું સંશોધન કરનાર જીવંત દશાને પામે છે અને શાસ્ત્ર વાંચીને પણ વાદવિવાદમાં પડનાર ભાવમરણમાં પડે છે. ભાવમરણ કરે છે. દ્રવ્યમરણ તો કરે જ એમાં પ્રશ્ન નથી.

એમ અંદરમાં જ્ઞાનની પર્યાયને વાળવી. પ્રજ્ઞાછીણી એટલે જ્ઞાનરૂપી છીણી. જે સ્પષ્ટપણે અંદરમાં બે ભાગ કરે. છીણી શું કામ કરે છે? બે ભાગ કરવાનું. રાગથી ભિન્ન પોતાનું સ્વરૂપ અંતર્મુખ વળીને જે જ્ઞાન કરે તે જ્ઞાનને પ્રજ્ઞાછીણી કહેવામાં આવે છે. એને પ્રજ્ઞાછીણી કહે છે. અંતર્મુખ વળેલી જ્ઞાનની પર્યાય, કે જે રાગથી જ્ઞાન ભિન્ન પડી ગયું, એને પ્રજ્ઞાછીણી કહે છે. તેના દ્વારા પોતાની **'ભિન્નતા અનુભવી શકાય છે.'** પ્રજ્ઞાછીણી મારવાથી અથવા પ્રજ્ઞાછીણી વડે પોતાની ભિન્નતા અનુભવી શકાય છે. હું જ્ઞાનમય તત્ત્વ, એકલું જ્ઞાનમયતત્ત્વ હું છું. એવું રાગથી ભિન્નપણે અંદરમાં અનુભવી શકાય છે. આ મોક્ષની કળા છે.

એટલે ૭૩૩માં ચોખ્ખું કરવા એ લીધું. કે **સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે.** જે જ્ઞાનનો પર્યાય પ્રતિસમય ઉપજી રહ્યો છે, ઉત્થાન થાય છે. જ્ઞાનની પર્યાયનું ચૈતન્ય પિંડમાંથી, જ્ઞાન પિંડમાંથી ઉત્થાન થાય છે. એ સ્વપણે અનુભવાય છે તે આત્મા જ છે. એને આત્માનો અનુભવ કહો, એને જ્ઞાનનો અનુભવ કહો, જ્ઞાનાનુભૂતિ ઇતિ આત્માનુભૂતિ. એ તો ૧૩મી ગાથામાં વિષય લીધો છે. ૧૫ ગાથા પહેલા.

**એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવીણતાથી શું થાય છે?–કે 'આ અનુભૂતિ છે તે જ હું છું' પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે તે હું નથી એમ આત્મજ્ઞાન થાય છે. જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે. ૩૪૯**

એ જ વિષયને ૩૪૯માં વધારે ખોલે છે. કે **'એ રીતે સર્વ પ્રકારથી ભેદજ્ઞાનની પ્રવિણતાથી શું થાય છે?'** એમ કહે છે, કે એ પ્રકારે રાગ અને જ્ઞાનના ભેદપણામાં ભેદ અનુભવમાં જુદા પાડવાના પ્રયાસમાં શું થાય છે? **'કે આ અનુભૂતિ છે તે જ હું છું...' 'એમ આત્મજ્ઞાન થાય છે.'** એમ લેવું. વચ્ચેનો ટુકડો કાઢી નાખો. અથવા કૌંસમાં લઈ લ્યો. આ જે ચાલતો રાગ છે, વિકલ્પ છે **'તે હું નથી...'** એનો એમાં આપોઆપ નિષેધ છે. એવો વિકલ્પ કરવો પડતો નથી. આ અનુભૂતિ છે તે હું છું એમ વિકલ્પ કરવો પડતો નથી. આ વ્યવહાર રત્નત્રયનો રાગ અથવા ચાલતો આત્માના સ્વરૂપ સંબંધિત વિકલ્પ અને રાગ તે હું નથી. એમ પણ ત્યાં વિકલ્પ કરવો પડતો નથી. પણ એ વિકલ્પનું જે વાચ્ય છે એવો ભાવ વર્તે છે. એટલે કે અનુભવભાવમાં હું છું. જ્ઞાન તો પરજ્ઞેયાકારે પણ છે. એટલે જ્ઞાનનો શબ્દ અહીં ન વાપર્યો છે. જ્ઞાન તો પરજ્ઞેયના આકારે પણ થાય છે. એટલે જ્ઞાન શબ્દ અહીં ન વાપર્યો. જ્ઞાન તે હું એમ ન વાપર્યું. પણ જ્ઞાનમાં જ્ઞાનાનુભવ છે, જ્ઞાનમાં જ્ઞાનવેદન છે એને અહીંયાં અનુભૂતિ કહી છે. આ અનુભૂતિ છે તે હું છું. એટલે કે આ સ્વપણે વેદાઈ રહ્યું છે એવું જ્ઞાન છે તે હું છું. **'એમ આત્મજ્ઞાન થાય છે.'** આત્મજ્ઞાન આટલો જ ટૂંકો વિષય છે.

શાસ્ત્રનો ભણેલો તર્ક કરશે, કે પ્રભુ! આપ અનુભૂતિ તે હું છું એમ કહો છો. પણ અનુભૂતિ તો પર્યાય છે. અને અમારે તો દ્રવ્યનો અનુભવ કરવો છે.

કહે છે, કે અહીંયાં જ્ઞાનાનુભૂતિ તે આત્માનુભૂતિ

છે. એકલું જ્ઞાન, શુદ્ધ જ્ઞાન, એનો અનુભવ એ જ આત્મા છે. શુદ્ધ જ્ઞાન તે આત્મા હોવાથી શુદ્ધ જ્ઞાનનો અનુભવ પણ આત્મા જ છે. આમ છે. ત્યાં દ્રવ્યનો આશ્રય વર્તે છે. પણ દ્રવ્યનો આશ્રય વર્તે છે એ વાત સિદ્ધ ક્યારે થાય છે? કે જ્ઞાનમાં સ્વરૂપ સંચેતન થાય, જ્ઞાનમાં સ્વસંવેદન થાય, ત્યારે એને સ્વરૂપનો આશ્રય છે એમ સિદ્ધ થયું કહેવાય, પ્રસિદ્ધ થયું કહેવાય. નહિતર તો ઘણા વિકલ્પ કરે છે, ત્રિકાળી તે હું છું, અપરિણામી તે હું છું અને ધ્રુવ તે હું છું. એવો વિચાર નથી કરતા? પર્યાયની વાત સાંભળવા તૈયાર નથી એમ કહે લ્યો. ઠીક.

મુમુક્ષુ :– અલોકાકાશમાં ...

પૂજ્ય ભાઈશ્રી :– કોઈની ટીપ્પણીનો વિષય નથી. પણ કોઈ કલ્પિત પ્રકારે એ વિષયને હસ્તગત કરી શકાતો નથી. એની વાસ્તવિક્તા આ છે, કે જ્યારે એ વેદનગોચર કરે, સ્વરૂપ સ્વસંવેદન કરે, જ્ઞાનનું સ્વસંવેદન પ્રગટ થાય એને આત્મજ્ઞાન કહે છે. આત્મ એટલે પોતે. પોતે કોણ? કે પોતે જ્ઞાન. જ્ઞાનથી અન્ય નહિ એવું જે પોતે જ્ઞાન. પોતાનું જ્ઞાન. જ્ઞાન પોતાનું જ્ઞાન કરે તે આત્મજ્ઞાન. બસ. પોતાનું વેદન કરે તે આત્મજ્ઞાન. ટૂંકું ને ટચ છે.

મુમુક્ષુ :– માટે... સાધન નથી?

પૂજ્ય ભાઈશ્રી :– બીજું કોઈ સાધન નથી. બીજું સાધન નથી એમ નહિ, બીજું કોઈ સાધન નથી. આમ જ વિષય છે. એ તો આપણે આગળ આવી ગયું છે. ઘણું કરીને ૨૩૬ છે. ૬૩મું પાનું. છેલ્લી બે લીટી છે.

**'માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી.'** છે 'ગુરુદેવ'ના શબ્દો? સૂત્ર જેવા શબ્દો છે. **'માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે,...'** અને બીજાથી પણ સિદ્ધિ છે એવો ગોટો ન રહે એટલે અસ્તિ નાસ્તિથી અનેકાંત કરી નાખ્યું છે. કે જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. આત્માની સિદ્ધિ કરવી હોય તો જ્ઞાન સિવાય બીજું કોઈ સાધન નથી.

આખા 'સમયસાર'માં જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... લેવાનું કારણ શું છે? આ કારણ છે, કે જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન જ નથી. જ્યાં ૧૫મી ગાથા શરૂ કરવી છે એ પહેલા એમ કહ્યું, જ્ઞાનાનુભૂતિ એ આત્માનુભૂતિ. જ્ઞાન એક શક્તિ છે, છતાં એક શક્તિના પરિણમનની સાથે અનંત શક્તિનું પરિણમન ઉછળે છે. બીજી શક્તિઓનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે છે. તો પણ આત્મા જ્ઞાનમાત્રપણાને છોડતો નથી એવું 'સમયસાર'ની ૪૭ શક્તિ પૂરી કર્યા પછી એ પદ રચ્યું છે. **'ज्ञानमात्रमयतां न जहाति भावः'** આવા શબ્દો પડ્યા છે.

**'ઇત્યાદિ (–પૂર્વે કહેલી ૪૭ શક્તિઓ વગેરે વગેરે) અનેક નિજ શક્તિઓથી સારી રીતે ભરેલો હોવા છતાં...'** **'[इत्यादि-अनेक-निज-शक्ति-सुनिर्भरः अपि]'** એમ કહ્યું છે. આ તો ૪૭ કહી, પણ આવી તો અનંત શક્તિઓ જ્ઞાનમાં છે, તો પણ **'ज्ञानमात्रमयतां न जहाति भावः'** **'જ્ઞાનમાત્રમયપણાને આત્મા છોડતો નથી,...'** એમાં આમ કહેવાનું પ્રયોજન શું છે? આવી આવી વાત કરીને વળી પાછું જ્ઞાનમાત્રને છોડતો નથી એમ શા માટે વારંવાર કહે છે? એ એટલા માટે કહે છે. ત્યાં અનેકાંતનું તો પ્રકરણ ચર્ચ્યું છે. જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે અને જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. આમ હોવાથી... આમ વાત લીધી છે.

મુમુક્ષુ :– સિદ્ધિ એટલે પ્રાપ્તિ?

પૂજ્ય ભાઈશ્રી :– સિદ્ધિ એટલે પ્રાપ્તિ. સિદ્ધિ એટલે પ્રાપ્તિ અથવા સિદ્ધિ એટલે સફળતા. આત્માની જે કોઈ સફળતા છે, અનુભવ કરવાની સફળતા છે, પૂર્ણ શુદ્ધિની સફળતા છે, સ્વકાર્યની સફળતા છે, પૂર્ણાનંદની અનંત આનંદની સફળતા છે, પૂર્ણ શુદ્ધિની સફળતા છે એ જ્ઞાન સાધનથી થાય છે. ત્યાં સાધન જ્ઞાન છે. સાધ્ય છે તે પૂર્ણ શુદ્ધિ છે. શરૂઆતથી માંડીને છેક સુધી આ વાત લીધી છે. શરૂઆત પણ અહીંથી થાય છે. ભેદવિજ્ઞાનથી સિદ્ધ થવાય છે એ વાત 'અમૃતચંદ્રાચાર્યે' લઈ લીધી. અને સંસારમાં રખડાય છે એનું કારણ ભેદજ્ઞાનનો અભાવ છે. બાકી જપ-તપાદિ ક્રિયા તો કરવામાં બાકી રાખી નથી. ૨૪મે વર્ષે એ

પદ લખ્યું છે. પદ લખ્યું છે ને? અનંતવાર આ બધું કર્યું. 'સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મત મંડન ખંડન બહોત કિયે.' કર્યું છે ને? વનમાં ગયો, ઉદાસ થયો, શુક્લલેશ્યાને ધારણ કરી છે. એ તો અભવીને શુક્લલેશ્યા થાય છે, એ કાંઈ મોટી વાત નથી.

કષાયનો રસ મંદ થવો. લેશ્યામાં રસ જ છે. કષાય અને કષાયનો રસ. બેને એક પર્યાયમાં જુદા પાડે છે. આ તો જૈનદર્શનનો વિષય એવો છે. એક સમયની પર્યાય અને પડખા એના અનેક પકડે. કષાય, કષાયનો રસ, છ લેશ્યામાં એના છ ભેદ લીધા. શુક્લલેશ્યા ધારણ કરે. પણ એ શુક્લલેશ્યામાં આત્મા ન ઓળખે, તો એ પ્રયોજનને સાધતો નથી. પ્રયોજન જે શુદ્ધિનું પ્રયોજન છે, પૂર્ણતાનું જે ધ્યેય છે એ નથી, તો એ શુક્લલેશ્યા પણ અનંત વાર આવી ગઈ. એનાથી કાંઈ વળતું નથી. પાછો અનંત સંસાર એમ ને એમ ઊભો છે. આ દશા છે. ઉદાસ... ઉદાસ... ઉદાસ... આખા જગતથી ઉદાસ થઈને ફરતો હોય. ક્યાંય જાણે મન લાગતું નથી.

જગતના પદાર્થોનું આટલું બધું આકર્ષણ મટ્યું અને તોપણ આત્મપ્રાપ્તિ ન થઈ? કે એને અંદરમાં જે જ્ઞાનની દિશા છે એ સૂઝી નથી. જ્ઞાનની દશાની દિશા જે અંતર્મુખ છે, સ્વ તરફ છે એ એને સૂઝી નથી. અંતર્મુખપણું શું છે? એટલું જ જો વિચારવામાં આવે કે આ અંતર્મુખપણું શું છે? જે જ્ઞાન જ્ઞાનને વેદે છે એ એનું અંતર્મુખપણું છે. અને જ્ઞાન ક્યારે જ્ઞાનને વેદતું નથી? જ્ઞાનમાં અન્ય વેદનનો અવકાશ જ નથી, ગુંજાઈશ નથી. પણ એને જોયું નથી. એનું એને અવલોકન નથી. એ અનુભૂતિ તે જ હું છું એવું આત્મજ્ઞાન એ કરતો નથી. એના બદલે રાગ તે હું છું અને રાગનો વિષય હું છું એમ અન્ય દ્રવ્ય અને અન્ય ભાવમાં એ મમત્વ કરે છે. પણ જ્યાં પોતાનું અસ્તિત્વ છે ત્યાં પોતે પોતામાં પોતાપણું છે ત્યાં મમપણું-મમત્વ કરતો નથી. એટલી જ ભૂલ છે. લાંબી ભૂલ નથી પણ એટલી જ ભૂલ છે. એ ભૂલથી આખો સંસાર છે.

મુમુક્ષુ :- મમત્વ કરવું છે ત્યાં કરતો નથી અને બીજે કરવા જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે છે ત્યાં પોતાનું મમત્વ કરતો નથી અને પોતે નથી ત્યાં પોતાનું મમત્વ કરે છે. આ તકલીફ છે. જ્યાં પોતાની હસ્તી છે, હયાતી છે, મોજૂદગી છે, સાક્ષાત્ હાજરાહજુર છે એને આખો છોડી દે છે. અને જ્યાં કાંઈ પોતાનું નથી, પોતાથી શૂન્ય એવા જે દ્રવ્ય ભાવો છે, પોતાના અભાવસ્વરૂપે છે ત્યાં એ કલ્પના કરી કરીને મમત્વ કરે છે. પોતાપણાની કલ્પના કરી કરીને મમત્વ કરે છે અને પરને પોતારૂપ કરે છે. એ જ સંસાર છે. એ જ જન્મ-મરણ છે. એ જ નરક-નિગોદાદિ ભવનો હેતુ છે, બીજું કોઈ કારણ નથી. એ જ્યાં મટ્યું ત્યાં સર્વ સિદ્ધિ છે. એ તો ૨૮માં વર્ષમાં એ પત્ર છે.

મુમુક્ષુ :- સમજવા છતાં મોટા ભાગના જીવો તો આમ જ કરી બેસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજવા છતાં કરી રહ્યા નથી પણ નહિ સમજવાથી કરી રહ્યા છે. સમજવાનો એમનો દેખાવ એ એમનું સાચું રૂપ નથી. નહિ સમજવાથી કરી રહ્યા છે. કેમ કે એ મમત્વ કરી રહ્યા છે એનો અર્થ કે ત્યાં એની સમજણ નથી. સમજણ હોય તો કરે નહિ. સીધી વાત છે. અને કરે એને સમજણ શું કહેવી? રાગમાં અને રાગના વિષયમાં સ્વપણું વેદે એને સમજણ શું કહેવી? આ સવાલ છે. આત્મજ્ઞાનની આ પરિભાષા છે. અધ્યાત્મપ્રધાન અને બહુ જ ટૂંકી. કોઈપણ શાસ્ત્રીય પરિભાષાના મોટા-મોટા, લાંબા-લાંબા શબ્દો. અંગ્રેજીમાં એને બોંબાસ્ટિક વર્ડ કહે છે. માણસને એમાં થોડો પ્રતિભાવ ઊભો કરવો. એવું કાંઈ નહિ. આ અનુભૂતિ છે તે જ હું છું એમ આત્મજ્ઞાન થાય છે. આનું નામ આત્મજ્ઞાન છે. જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાનને વેદન, બસ એટલું આત્મજ્ઞાન છે. એ જ અંતર્મુખ જ્ઞાન છે. એ જ સ્વસન્મુખ જ્ઞાન છે. બાકી કોઈ આમાં લાંબી વાત છે નહિ.

**'પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે...'** એટલે કે ઊંચામાં ઊંચી કોટીનો **'રાગ છે તે હું નથી એમ**

**આત્મજ્ઞાન થાય છે.'** કેમ કે પોતામાં જે નથી એનું નહિ હોવાપણે એનું જ્ઞાન થાય છે. **'જ્ઞાનલક્ષણથી લક્ષિત...'** આમ લીધું. ત્યાંથી એ રીતે અનુભૂતિ ઉપર ચડે છે. અનુભૂતિ ઉપર ક્યાંથી ચડે છે? અનુભૂતિનો આવિર્ભાવ ક્યાંથી કરે છે? કે **'જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે.'** એમ સમ્યગ્જ્ઞાન થાય છે એમ કહો કે એમ આત્મજ્ઞાન થાય છે એમ કહો.

**'જ્ઞાનલક્ષણથી લક્ષિત...'** જ્ઞાનના એક ચિહ્નથી. લક્ષણ એટલે એક ચિહ્નથી. આખો જ્ઞાનમય પરિપૂર્ણ લક્ષ્યરૂપ આત્મા ચૈતન્યસ્વભાવ, એનો આશ્રય થાય છે ત્યારે એનો અનુભવ થાય છે એમ કહેવામાં આવે છે. **'ચૈતન્યસ્વભાવનો અનુભવ થતાં આ અનુભૂતિ છે તે જ હું છું...'** ચૈતન્યસ્વભાવના અનુભવમાં શું વેદાયું? કે **'આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે.'** હું... હું... હું... હું... હુંપણે પોતાની હયાતી શેમાં થાય છે? રાગમાં થાય છે? કે જ્ઞાનની ક્રિયામાં થાય છે? રાગની ક્રિયામાં થાય છે કે જ્ઞાનની ક્રિયામાં થાય છે? જેના લક્ષમાં જ્ઞાનલક્ષણથી આખો આત્મા રહ્યો છે, એને આત્મજ્ઞાન આ રીતે થાય છે, કે આ જ્ઞાનાનુભવ તે હું છું. આ અનુભૂતિ તે હું છું. એમ એને આત્મજ્ઞાન થાય છે.

મુમુક્ષુ :– આખો આત્મા...

પૂજ્ય ભાઈશ્રી :– આખો આત્મા લક્ષમાં આવે છે. જેમ એક ખાંડની ગુણીમાંથી એક Sample કાઢ્યા પછી આખી ગુણી ખાંડની ભરેલી છે એમ લક્ષમાં આવે છે. પદાર્થનો એક અવયવ જોતાં આખો પદાર્થ જ્ઞાનમાં આવે છે. ઘરમાં છુપાયેલો ચોર, એનું એક આંગળું દેખાય જાય, હાથના કે પગની એક આંગળી દેખાય, આખો ચોર ભાળ્યો છે એણે. પણ એનું મોઢું જોયા વિના એ ચોર છે એમ ખબર કેમ પડી? કોઈ એમ દલીલ ન કરે, તર્ક ન કરે? એ કાંઈ સમજાવવાની જરૂર રહેતી નથી. ઘર ખોલી નાખ્યું. બંધ કરેલું ઘર ખોલી નાખ્યું. અને છુપાઈને પડ્યો છે, એનો અર્થ જ કે એ ચોર છે. તાળુ મારીને બહાર બજારમાં જાય. ઘરે આવીને જોવે તો તાળુ નથી. બારણું ખુલ્લું છે. ઘરમાં કોઈ નથી. કોઈ નથી ને કાંઈક હોવું જોઈએ. આ ખોલ્યું કોણે? એમાં છુપાયેલા માણસનો એક અવયવ દેખાય. માથાના વાળ થોડા દેખાય. આખો માણસ એણે જોયો છે. કેવી રીતે લક્ષમાં આવે છે? એક ચીહ્ન ઉપરથી આખી ચીજ કેમ લક્ષમાં આવે છે? કે મતિ, શ્રુતજ્ઞાનમાં એવું લક્ષણ ઉપરથી લક્ષ કરવાનું સામર્થ્ય રહેલું છે. લક્ષણ ઉપરથી આખા પદાર્થનું લક્ષ કરવાનું મતિ, શ્રુતજ્ઞાનમાં સામર્થ્ય રહેલું છે. મતિ, શ્રુતજ્ઞાનમાં એ શક્તિ છે. તિર્યંચ પકડી લે છે. આ જ્ઞાનથી આખો જ્ઞાનમય આત્મા છું એ તિર્યંચ લક્ષમાં લઈ લે છે. નહિ આવવાનો પ્રશ્ન શું છે? બરાબર આવી શકે એવો વિષય છે. જીવે મોક્ષાર્થી થવું જોઈએ એટલી વાત ચોક્કસ છે.

એને જોઈએ સંસાર અને સંસારરહિત સ્વરૂપ લક્ષમાં આવે એમ બે વાત ન બને. જોઈએ સંસાર, સંસારની ચાહના એટલે અન્ય દ્રવ્ય અને અન્ય ભાવની ચાહના ને અભિલાષા અને સંસારથી પરિમુક્ત એવું જે તત્ત્વ છે એ જ્ઞાનમાં લેવું છે. એ સંસારની ચાહનાવાળું જ્ઞાન મેલું છે, રંજિત થયેલું છે. રાગ-દ્વેષ અને વિભાવથી રંગાઈ ગયેલું, તરબોળ થઈ ગયેલું જ્ઞાન, ડૂબેલું જ્ઞાન, વિભાવરસમાં ડૂબેલું જ્ઞાન, આખા સંસારથી મુક્ત એવા શુદ્ધાત્માને ક્યાંથી લક્ષમાં લે? એને એ લક્ષમાં આવશે નહિ.

જેને એકલો આત્મા જ જોઈએ અને સંસાર એટલે દુઃખમાત્ર ન જોઈએ, કષાય પણ માત્ર ન જોઈએ, એટલે તો મોક્ષાર્થીની વાત લીધી છે. કુદરતી શબ્દ કેવો આવ્યો છે! કોણે આવું જ્ઞાન, દર્શન અને ચારિત્ર કરવું? ત્રણ બોલ લેશે ને? આવા આત્મજ્ઞાનપૂર્વક ઉદય થયેલું જે શ્રદ્ધાન. એવા જ્ઞાન અને શ્રદ્ધાનથી જેનામાં સ્વરૂપમાં સ્થિર થવાનું સામર્થ્ય પ્રગટ થયું છે એવું જે ચારિત્ર. એમ ત્રણ બોલ લેશે આ એક ગાથામાં. એવો જે થયો છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયું છે.

જ્ઞાનવેદન સ્વસંવેદનરૂપે આવિર્ભૂત થાય છે. આવિર્ભૂત થાય છે એટલે એની તારતમ્યતા વધે છે. તારતમ્યતા વધે છે ત્યારે સ્વસંવેદનના કાળમાં રાગાદિનો

અભાવ થાય છે. એટલે જ્ઞાનવેદનને જે રાગવેદનની આડશ હતી એ તો ત્યાં છે નહિ. Obstacle મટી ગયું. રાગવેદન આડે જ્ઞાનવેદન એને ઢંકાઈ ગયું હતું. દૂર થઈ ગયું હતું. એ આડશ તો નીકળી ગઈ. રાગનો પડદો તો ખસી ગયો. એકલું જ્ઞાનવેદન રહ્યું એમ નહિ, જ્ઞાનવેદન આવિર્ભૂત થઈ ગયું. ત્યાં ઉગ્ર થઈ ગયું. બે રીતે પ્રગટ અનુભવ થયો. એક તો વેદન ઉગ્ર થયું, તેથી તેની પ્રગટતા વધારે સ્પષ્ટ અનુભવગોચર થઈ. બીજું એ વેદનને નડવારૂપ જે રાગવેદન છે એ ત્યાં છે નહિ પછી. નિર્વિકલ્પ શુદ્ધોપયોગના કાળમાં બુદ્ધિપૂર્વકનો રાગ તો ઊપજતો નથી. ત્યારે એને સ્વસંવેદન થાય છે એમ કહે છે. અથવા એને ત્યારે આત્મજ્ઞાન થાય છે એમ કહેવામાં આવે છે.

બે એકસાથે છે. લક્ષ ત્રિકાળી ઉપર છે, લક્ષણ ઉપર છે. અને અનુભૂતિ તે હું છું એવું જ્ઞાનનું વેદન છે. એ પ્રકારને સમ્યક્ પ્રકાર એમ કહેવામાં આવે છે. પરિણનના એવા પ્રકારને સમ્યક્ પ્રકાર કહેવામાં આવે છે. જોકે સમ્યક્નો અર્થ જ સ્વાભિમુખપણું છે. સંસ્કૃત શબ્દ છે. અને પોતાની સન્મુખ બતાવવું હોય તો એ સમ્યક્ શબ્દ દ્વારા બતાવાય છે. અત્યારે તો એ ભાષા ચાલતી નથી. પણ સંસ્કૃતમાં કોઈને વાતચીત કરતા આવડે ત્યારે તમે મારી સામા થાવ, મારી સન્મુખ થઈ જાવ. આડાઅવળા ઊભા હોય તો સામા થઈ જાવ, એમ સન્મુખ કરવા હોય તો એણે વાતચીતમાં સમ્યક્ શબ્દ વાપરવો પડે.

મુમુક્ષુ :– સમ્યક્ એટલે ભિન્ન...

પૂજ્ય ભાઈશ્રી :– દિશા સૂચક છે. સ્વાભિમુખપણું એમાં બતાવવું છે. નાનપણમાં આર.એસ.એસ.માં જાતા હતા. ત્યાં બધા ઓર્ડર સંસ્કૃતમાં અપાય છે. હિન્દુ પ્રણાલિકા ઉપર છે ને આખું? એટલે અગ્રેસર હતા. આડાઅવળા રમતા હોય અને બોલાવવા હોય તો, લાઈનમાં કરવા હોય તો અગ્રેસર સમ્યક્ એમ કહે. સમ્યક્ શબ્દ તે દિ' ૧૦ વર્ષની ઉંમરે સાંભળેલો છે. ૧૦-૧૧ વર્ષની ઉંમરે. ત્યાં બધા સામે આવો. જે બોલતો હોય એની સામે આવીને ઊભા રહી જાય. ગોઠવાઈ જાય. એ સમ્યક્ એટલે સ્વાભિમુખપણું થવું તે. જ્ઞાનસ્વરૂપની સ્વાભિમુખતા એટલે સમ્યક્.

એવી જ રીતે દર્શન સ્વરૂપની સ્વાભિમુખ થાય, સ્વઅભિમુખ થાય તે સમ્યક્ છે. એવી જ રીતે ચારિત્રગુણ સ્વરૂપની સન્મુખ થાય તે સમ્યક છે. અનંતા ગુણો સ્વરૂપ સન્મુખ થાય છે અથવા સ્વરૂપમાં નિમગ્ન થાય છે એમ કહો, તે એની સમ્યક્દશા છે તે આખા દ્રવ્યની સમ્યક્ દશા છે. આખું દ્રવ્ય સમ્યક્પણે પરિણમ્યું એનો અર્થ કે દ્રવ્યના સર્વ ગુણો સમ્યક્પણે પરિણમ્યા. એમ કીધું. **'એમ સમ્યગ્જ્ઞાન થાય છે.'** એ ૩૪૯ બોલ (પૂરો) થયો.

**આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી, તેથી મૃત્યુ પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે. ૩૫૦.**

૩૫૦મો બોલ.

**'આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી,...'** 'ગુરુદેવ'ને તો કાંઈ માખણ મારતા આવડતું નહોતું. પૈસાવાળા સામે બેઠા હોય, એને એમ કહે કે પહેલા એમ નક્કી કર, કે આ પૈસામાં સુખ નથી. પછી તારો વારો આ બાજુ આવશે. એ સિવાય અહીંયાં તારું નામ અમે નોંધતા નથી. ભલે તું આવીને બેઠો છો. કાંઈ વાંધો નહિ, સાંભળ હવે. પણ નામ નોંધાવા માટે તો પહેલા તારે એ નક્કી કરવું પડશે કે પૈસામાં સુખ નથી. એ બોલ આગળ આવી ગયો. **તોપના ગોળા જેવી વાત છે.** ડાબા હાથ બાજુ બરાબર વચ્ચે છે. નંબર યાદ નથી.

મુમુક્ષુ :– ૨૨૮. પાનું ૬૨.

પૂજ્ય ભાઈશ્રી :– ૨૨૮. **'જ્યાં સુધી પૈસામાં સુખ નથી, પુણ્ય-પાપમાં સુખ નથી–એમ...'** પુણ્યના ઉદયમાં સુખ નથી. પુણ્યના ઉદયમાં ભોગવટાના કાળે થતા પાપભાવમાં સુખ નથી. **'એમ અંતરમાં ભાસે નહિ, ત્યાં સુધી ઇ આત્માના સુખમાં જંપલાવે નહીં.'** ત્યાંથી પાછો જ શેનો વળે? પૈસામાં અને પુણ્ય-પાપમાં સુખ ભાળે ત્યાં સુધી પાછો વળે શેનો? અને અહીંયાં તો અંતરમાં જંપલાવવું છે.

જેમ કોઈ ભડભડ બળતી આગમાં જંપલાવે તો એને સાહસ કહેવાય ને? મકાન બળતું હોય અને એમાં જંપલાવે. કોઈ અગત્યની ચીજ છે એ લઈ લેવા માટે જાનનું જોખમ ખેડે તો એને સાહસ કહેવામાં આવે છે, પરાક્રમ કહેવામાં આવે છે.

અહીંયાં બીજી વાત છે. અહીંયાં તો જીવ અંદરમાં ચૈતન્યજ્યોતિમાં જંપલાવે છે, સુખમાં જંપલાવે છે. એ ક્યારે? કે આ પૈસામાં અને પુણ્ય-પાપમાં સુખ નથી એમ અંતરથી અંતરમાં ભાસે ત્યારે. એ સિવાય કોઈ રીતે આ આત્મા બહારથી સંસારમાંથી પાછો વળે એવું બનવાનું નથી.

આ એક મોક્ષાર્થી જીવના અંતરંગ પરિણામનો વિષય છે. શું એનો વિષય છે? કે **'આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે,...'** એમ એને અંતરંગ પરિણામ આવે છે. હું મનુષ્ય કેમ થયો? પૈસા રળવા માટે થયો છું? શેના માટે થયો? આ બધું ભેગું કરવા માટે થયો છું? કેમ થયો છું? કે નહિ. **'આ મનુષ્યભવ...'** આ એટલે વિદ્યમાન ચાલતો મનુષ્યભવ એ **'ભવના અભાવ માટે મળ્યો છે,...'** એવી અંદરમાં એને એક અંતરંગ લાગણી ઉત્પન્ન થાય છે. મોક્ષાર્થી જીવના અંતરંગ પરિણામનું આ એક લક્ષણ છે.

અંતરંગ પરિણામનો વિષય ઘણો વિશાળ છે, બહોળો છે. પણ એમાંનું આ એક ખાસ ચિહ્ન છે, જે સહેજે 'ગુરુદેવ'ના પ્રવચનમાં આવી ગયું છે. એ મોક્ષાર્થી જીવને એમ અંદરમા લાગ્યા કરે છે. વિચાર આવે છે એમ નહિ. વિચાર આવવો એક વાત છે અને લાગવું તે બીજી વાત છે. ઉપર ઉપરથી વિકલ્પ આવે એ વાત નથી. પણ અંદરમાં એને એમ લાગે છે, કે આ મનુષ્યભવ તો અનંત ભવનો નાશ કરવા માટે (મળ્યો છે). અત્યારે આ મનુષ્યભવ છે અને એમાં આત્માનું કલ્યાણ કરવા સંબંધિત જાગૃતિ ઉત્પન્ન થઈ છે, એ મારી વર્તમાન જાગૃતિથી એમ ભાસે છે કે આ ભવ અનંત ભવનો અભાવ કરવા માટે આવ્યો છે. એમ અંદર વિલક્ષણ પ્રકાર ઊભો થાય છે. આવો એક વિલક્ષણ પ્રકાર પરિણામમાં ઊભો થાય છે. એને વર્તમાનની અને ભવિષ્યની ચિંતા થતી નથી. લ્યો ઠીક.

સવાલ આ ઊભો થાય, કે જો આ ભવમાં એકલું ભવના અભાવનું કાર્ય કરી લેવાનું હોય તો હવે અત્યારે જે કાંઈ કરી રહ્યા છે એના ઉપરની સાવધાની છૂટી જાય, સાવધાની છૂટી જાય તો કાર્યો બગડી જાય. તો અત્યારે તો હમણા વાંધો નથી, પણ ભવિષ્યનું શું?

ભાઈ! તું ભૂલ્યો છો. તારી સંયોગો પ્રત્યેની સાવધાનીને લઈને તારું ભવિષ્ય જળવાઈ રહેશે એવું તો માનતો હોય તો ખાંડ ખાય છે, ખડ ખાય છે. ખાંડ ખાય છે નહિ પણ ખડ ખાય છે.

મુમુક્ષુ :– બધાએ ધ્યાન રાખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– બધા ધ્યાન જ રાખે છે. ધ્યાન રાખવા સિવાય કોઈને કાંઈ આવડતું નથી. જગતના તમામ સંસારી પ્રાણી એકલા સંયોગને જાળવવાના અને સંયોગની વૃદ્ધિ કરવામાં પડ્યા છે. ભૂંડથી માંડીને ચક્રવર્તી સુધીના કોઈ બાકી નથી. 'શ્રીમદ્જી'એ ભૂંડ અને ચક્રવર્તીની સરખામણી કરી છે કે બેય સરખા છે. એ પણ દરેક પ્રાણી સંસારમાં વધતા વૈભવના વ્યવસાયી છે. 'વ'નું Alletration કર્યું છે. વ... વ... વ... વ. 'ગુરુદેવે' ધ-ધા કર્યા હતા ને. ધ્રુવની ધુણી ધખાવનાર ધગશવાળો ધર્મી છે. બધું ધ... ધ... ધ... લેતા હતા. આ વ લીધો છે અહીંયાં. વધતા વૈભવના વ્યવસાયી છે. બધા શું વ્યવસાય કરે છે? કે મારો સંયોગ ફાલીફૂલીને વૃદ્ધિગત થઈ જવો જોઈએ. અને કોઈને પૂરું જ પડતું નથી. બધું અધુરું અધુરું જ લાગ્યા કરે છે.

પહેલાના જમાનામાં બહુ પુણ્યશાળી રાજા હતા તો પણ... અહીંયાં અત્યારે પણ એક જગ્યાએ મકાન ન બાંધે. અહીંયાં હવા ખાવાનું મકાન, અહીંયાં ફલાણાનું મકાન, અહીંયાં આ રીતનું મકાન. અરે..! પણ શું છે હવે આ ૫૦-૧૦૦ વર્ષમાં. આમાંથી ને આમાંથી જ ઊંચો નહિ આવે (તો) ડૂબી જઈશ, એમ કહે છે. એમાં ને એમાં ડૂબી જઈશ. કાળ ચાલ્યો જાય છે એટલે કે એની તક ચાલી જાય છે. જે ભવ ભવના અભાવ માટે મળ્યો છે એ ભવ સંયોગની વૃદ્ધિ પાછળ વ્યતીત કરવામાં આવે તો એના જેવી બીજી કોઈ મોટી ભૂલ નથી. અથવા બીજી કોઈ મૂર્ખાઈ નથી. ભૂલ કહો કે મુર્ખાઈ કહો.

**'પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી,...'** પહેલા થોડુંક આટલું કરી લઉં. વર્ષ-બે વર્ષ. પછી કરશું. કહે છે કે એ પછી... પછી... પછી... પછી ઉપર જાય છે એનો અર્થ જ એ છે કે એ ટાળે છે. વર્તમાન કરવાયોગ્ય કાર્યને ટાળે છે. એટલે મેલી ના પાડે છે. ચોખ્ખી ના ન પાડે ત્યારે મેલી ના પાડવામાં આવે. એને મેલી ના કહે છે. મળ સહિતની ના. એ શું કહે ? કે અત્યારે નહિ. અત્યારે નહિ એનો અર્થ શું છે? એને ચોખ્ખી ના ન કહેવાય પણ મેલી ના પાડે છે.

મુમુક્ષુ :- સ્વરૂપના ચાહ મટાડનાર બહિર્આત્મા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અરુચિ. અરુચિ ત્યાં બતાવી દીધી. એને અરુચિ થઈ ગઈ છે. કોઈ એમ કહે કે આ વાત બહુ ઊંચી છે અને અત્યારે ન થાય. અત્યારે તો પહેલું આટલું હું કરું. આમ કરું.. આમ કરું... પછી થાય. કહે છે, કે આ કાળમાં સ્વરૂપપ્રાપ્તિ કઠણ છે એમ કહેનાર, એમ બતાવનાર, સ્વરૂપની ચાહ મટાડનાર બહિર્આત્મા છે. પણ બહિર્આત્મા તો બધાય છે, પ્રભુ! એને શું કરવા તમે આટલું બધું કહી દીધું? જરાક મોડું કરવાની વાત કહે એને. કઠણ છે એમ કહે એને. એ તો બિચારો બીજી ઘણી ક્રિયા કરે છે. અને સ્વરૂપપ્રાપ્તિને જરા અઘરી બતાવે છે એમાં એને સ્વરૂપની ચાહ મટાડનાર બહિર્આત્મા એવો સિક્કો માર્યો? Label મારી દીધું? આખા જગતમાં ઘણા બહિર્આત્મા છે એને શું કરવા કહો છો? એ તો બિચારો ક્યાંક ભાવના રાખે છે.

કહે છે, કે એને એ વિષય સામે આવ્યો, સ્વરૂપપ્રાપ્તિનો વિષય બીજા પ્રાણીઓને સામે નથી આવ્યો. પણ એને સામે આવ્યો અને એણે હડસેલો માર્યો. સિફ્તથી, મલિનપણે મેલી ના પાડી. કહે છે, કે તીવ્ર બહિર્આત્મપણું ત્યાં છે. બહિર્આત્મા તો બીજા બધા છે. પણ અહીંયાં તીવ્ર બહિર્આત્મપણું છે. એ એની તીવ્રતા સૂચક છે. એટલે એને એમ કહે છે કે એ સ્વરૂપની ચાહ મટાડનાર બહિર્આત્મા છે. એલા, ભાઈ! સાતમી નારકીનો નારકી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે અને તું અહીંયાં ના પાડે છે કે મને અનુકૂળતા નથી, હજી આટલી અનુકૂળતા વધે પછી હું કરું, એ પહેલા ન થાય. વાત તારી સાચી નથી.

મુમુક્ષુ :- સાચી ના ...

પૂજ્ય ભાઈશ્રી :- છે કે નહિ પણ? પ્રસિદ્ધ વાત છે. આ પૈસાની વાત એટલા માટે કરી છે કે જીવ ત્યાં ટીંગાણો છે. આખે આખો એ એક કાર્ય પાછળ એ ટીંગાઈ જાય છે એને એમ કહે છે, કે ભાઈ! ભવના અભાવ માટે જે કાળ છે એનો ઉપયોગ તું એ રીતે કર અને બીજી રીતે ન કર. બાકી તો જે આગામી કર્મ પ્રસંગો છે, કર્મના ઉદયો છે એ એના સ્વકાળે, એના અનુક્રમમાં જેમ થવાના છે એમ જ થવાના છે. એમ જાણીને કાં ઉપેક્ષા કરતો નથી? એમ કહે છે.

**'તેથી મૃત્યુ પહેલા...'** મૃત્યુ પહેલા, આયુષ્ય પૂરું થાય પહેલા. મૃત્યુ પહેલાનો અર્થ એટલો છે. વર્તમાન મનુષ્યભવનું આયુષ્ય પૂર્ણ થાય એ પહેલા. તું પૂરો નહિ થઈ જા. પણ જો આ કાર્ય ન કર્યું હોય તો એવી ગતિમાં જઈશ કે જ્યાં આનો વિચાર સુદ્ધા ઊપજશે નહિ. જ્યાં આનો વિચાર કરવાની તક મળી ત્યાં તેં એની ઉપેક્ષા કરી, તો હવેની ગતિમાં એનો વિચાર કરવાનું પણ તને ઊપજશે નહિ. વિચાર પણ નહિ ઊપજે કે આત્મકલ્યાણ જેવું કોઈ કાર્ય મારે કરવાનું છે કે કેમ? અને લગભગ એમ જોવામાં આવે છે, તિર્યંચ

પ્રાણીઓ તો ઠીક, પણ બહુભાગ મનુષ્યપ્રાણીઓ પણ એકલા ઉદય પાછળ એની જે જાણેલી, માનેલી, સ્વીકારેલી, કલ્પેલી જે જરૂરિયાતો, એ જરૂરિયાતોને પૂર્ણ કરવા પાછળ આખા ભવનો, બહુભાગ લગભગ એમાં જ સમય વ્યતીત કરે છે. જગતની બીજી શું સ્થિતિ છે? કે એમાં જ આખો સમય જાય છે. આ જોઈએ... આ જોઈએ... આ જોઈએ... પછી આ જોઈએ... પછી આ જોઈએ... પછી આ જોઈએ. એમને એમ આયુષ્ય પૂરું થઈ જાય છે. પછી તો આ વિચાર પણ નહિ ઊગે એ પરિસ્થિતિ ઊભી થશે. જો જાગૃત થઈને આ બાજુ જંપલાવ્યુ નહિ અને બીજી ઊપેક્ષા કરી નહિ, તો આની ઊપેક્ષાનું ફળ એ આવશે કે આનો વિચાર પણ તને નહિ ઊપજે. વિચાર પણ નહિ આવે. અનંતાને વિચાર નથી આવતો એવો તને પણ વિચાર નહિ આવે. વિચાર નહિ આવે તો આગળની વાત થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

**'તેથી...'** મનુષ્ય આયુ પૂરું થાય તે પહેલા. મૃત્યુનો અર્થ એ છે. તારો નાશ થશે એમ નથી કહેતા. નાશ તો કોઈ આત્માનો થતો નથી. પણ મનુષ્ય આયુ પૂરું થાય તે **'પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે.'** એટલે કે ભવના અભાવનું છેદક એવું જે સમ્યગ્દર્શન છે, ભવના અભાવનો છેદક એવું છે આત્માનુભવ છે, એ આત્મકલ્યાણનું આ કાર્ય તું સર્વ પ્રથમ એને અગ્રતા ક્રમ આપીને, એને Priority આપીને એ કામ પહેલા કર. નહિતર પછી આ રહી જશે અને બીજું તારું પૂરું થાશે નહિ.

સામાન્ય રીતે સંસારી પ્રાણી મરતો હોય એને પૂછો કે તારા કેટલા કામ બાકી? તો એમ કહેશે કે હજી તો સો એ સો બાકી છે. તો આખી જિંદગી શું કર્યું તેં? સો ના નવ્વાણુ ન થયા? આખી જિંદગી તો તેં મજુરી કરી. કહે હજી તો સો એ સો બાકી છે. હજી બધા બાકી છે. એને ક્યાંય પૂરું પડતું નથી. બધું બાકી છે એમ જ લાગ્યા કરે છે. એને એમ કહે છે, કે ભાઈ! એ બહુ મોટી ભૂલવણીમાં પડેલો છે. જેમ ભૂલભૂલામણીમાં માણસ ભૂલો પડે, એમ સંસારની આ ભૂલભૂલામણી છે. એને પોતાનું કલ્યાણ કરવાની, ભવના અભાવ કરવાની ભાવના; ભવનો અભાવ કહો કે મોક્ષ કહો કે મોક્ષાર્થીપણું કહો. શબ્દો જુદા જુદા છે, ભાવ તો એક જ છે. એ ભાવના ઉત્પન્ન થયા વિના કોઈ કાર્ય એને પોતાના હિતનું થઈ શકતું નથી. હિત બાજુનું જે કાર્ય કરવું છે એ બધું પછી ધર્મના ક્ષેત્રમાં અને ધર્મના બહાને જેટલું થાય તે બધું વ્યર્થ પરિશ્રમરૂપે થાય છે. આ એક પાયાની વાત નાખી દીધી છે. નહિતર જીવો કાંઈ ધર્મના ક્ષેત્રમાં જતા નથી અને ધાર્મિક ક્રિયાઓ કરતા નથી એવું કાંઈ નથી. પણ મોક્ષાર્થી થયા વિના જે કાંઈ કરવામાં આવે છે એ બધું ઉંધા ઘડા ઉપર બધા ઉંધા ઘડા રાખે છે. એકેય ઘડો એનો સવળો રહેતો નથી. એટલે બધું એનું ઉંધું. જેટલું કરે એટલું ઉંધું. લાભનું કારણ થવાને બદલે મિથ્યાત્વને દઢ થવાનું એ કારણ થઈ જાય છે. ધર્મની ક્રિયા પછી ત્યાગની ક્રિયા કે જ્ઞાનની ક્રિયા. બે ક્રિયા છે. એ બંને એને મિથ્યાત્વને દઢ થવાનું કારણ થાય છે. કેમ કે એ માની લે છે કે આવી ક્રિયા કરવાવાળો હવે હું કાંઈક ધર્મી છું. કહે છે કે તું મિથ્યાત્વને દઢ કરવાવાળો છો. એમ થાય છે. કેમ કે સંસારથી મુક્ત થવાનો એકમાત્ર ઉપાય તે આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન સિવાય કોઈ સંસારથી ભૂતકાળમાં મૂક્ત થયો છે કે વર્તમાનમાં થાય છે કે ભવિષ્યમાં થશે એમ ત્રણ કાળમાં છે નહિ. એ તો બીજો કોઈ ઉપાય જ નથી. એ વિષય અહીંયાં 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં બહુ સારી રીતે સ્થાપ્યો છે. હજી તો એના ૩૫૪ સુધીના બોલ છે. અહીં સુધી રાખીએ.

❈

# પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળદશાઓ પ્રાપ્ત થવી તે તો તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે - શ્રીમદ્જી.
પ્રતિકૂળતા સમયે આત્મહિત પ્રત્યે ચિત્ત વળે, તે પાત્રતાનું લક્ષણ છે. (૧૪)

❈

જેને પરિપૂર્ણ નિર્દોષ થવું છે, તેવા મુમુક્ષુજીવે વ્યવહારમાં - ઉદયપ્રસંગોમાં પણ, આરંભ- પરિગ્રહ અને અનીતિ વગેરેથી દૂર થવા સતત પ્રયત્નવાન રહેવું ઘટે છે. જેથી બોધ પ્રાપ્તિનો પ્રતિબંધક રસ વધે નહિ, અર્થાત્ ઉપદેશાદિનું નિષ્ફળપણું ન થાય. જ્ઞાનની બીજભૂત ભૂમિકામાં, ઉદય પ્રત્યે નીરસભાવ, સરળતાદિ થાય છે. જેથી સિદ્ધાંત જ્ઞાન પરિણમવું સંભવિત થાય. ઉદય પ્રસંગમાં રસ ન આવે - જાગૃતિને લીધે તે જ આ ભૂમિકાના વૈરાગ્ય અને ઉપશમ છે. ઉદય-પ્રસંગોમાં રસ તો જ ન આવે, જો અંતર સુવિચારણાએ કરીને સંસારીક પ્રસંગોનું મહાત્મ્ય ન આવે / ન રહે - સ્વભાવના મહાત્મ્યને લીધે. (૧૫)

❈

વિભાવરસ જ ચિત્તને મલિન કરે છે કે જેથી સત્પુરુષોના વચનોનો યથાયોગ્ય વિચાર થઈ શકતો નથી. આત્મરસ-ચિદ્‌રસ ઉત્પન્ન થતાં ચિત્ત વિશુદ્ધિ છે કે જેથી મહાપુરુષોના વચનોનો ભાવ યથાતથ્ય ભાસે છે. જે વચનોનો આધાર અનંતગુણનિધાન એવું પરમ સત્ છે તેને નમસ્કાર હો !! (૧૬)

❈

સમ્યક્ શ્રદ્ધાન એ નિર્મલ આત્મ પરિણામ છે કે જે સંયમની વૃદ્ધિનું કારણ છે - શ્રીમદ્જી. (૧૭)

❈

પરમ પવિત્ર પરમાત્માના અંતર અવલંબનમાં શુદ્ધ આત્મસ્થિતિ હોય છે - થાય છે. તેવા મહાત્માને બાહ્ય અવલંબનમાં પારમાર્થિક શ્રુત અને ઇન્દ્રિય જય / વૃત્તિજય સુદઢપણે ઉપાસવામાં આવે છે. - શ્રીમદ્જી (૧૮)

❈

મંદ પુરુષાર્થ-પરિણામ કાળે મહાપુરુષોનું અદ્‌ભુત આચરણ સ્મરણમાં લેવું યોગ્ય છે. - જેથી સહજ મંદ પરિણામ મટે અને વિર્યોલ્લાસ વધે. (૧૯)

❈

નિવૃત્તિમાં નિજહિતના ઉપયોગ (સાવધાની / લક્ષ) પૂર્વક સત્-શ્રુતના અધ્યયન દ્વારા આત્મભાવને પોષવો. (૨૦)

❈



## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દૃષ્ટિનું પરિણમન અને દૃષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

આખી વસ્તુ (પ્રમાણનો વિષય) દેખાડવામાં, નિત્ય અને અનિત્ય દેખવામાં આવે છે. તેમાં અનિત્ય બીજાનું નથી એવું દેખાડવા માટે છે, પરંતુ દૃષ્ટિના વિષયમાં તો નિત્ય જ છું અને અનિત્ય મારાથી ભિન્ન જ છે. તેનો (ઉત્પાદ-વ્યયનો) ભાવ અને મારો (ધ્રુવનો) ભાવ વિરુદ્ધ છે. (૭૫)

❉

શક્તિની તરફ જુઓ તો એટલું ભારે ભારે લાગે છે કે આખું જગત ફરી જાય તોપણ તે (અનંત શક્તિઓનો પિંડ) ફરી શકતો નથી, એવું ઘન સ્વરૂપ છે. તેમાં કંઈ વિચલિતતા જ થતી નથી. (૭૬)

❉

દર્પણમાં જે પર્યાય દેખાય છે, તે તો ઉપર ઉપર છે, અંદરમાં જે દળ પડ્યું છે તે તો જેવુંમ ને તેવું છે. તે પર્યાયરૂપ થતું જ નથી. એ રીતે ત્રિકાળી સ્વભાવનું દળ તો જેવું ને તેવું જ છે, પર્યાયમાં આવતું નથી. (૭૮)

❉

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનવાળાને વસ્તુનો અનુભવ છે અને સ્થિરતાનો પ્રયત્ન પણ છે, તો પછી અનુભવમાં કાળ કેમ લાગે છે ?

ઉત્તર :– ચારિત્રની પર્યાયમાં તેટલી અસ્થિરતા છે, પુરુષાર્થની ઓછપ છે. પર્યાયની એવી યોગ્યતા છે. પરંતુ દૃષ્ટિમાં તેની ગૌણતા છે. વર્તમાનમાં જ પૂર્ણ છું – તેમાં પર્યાયની વૃદ્ધિ–હાનિ ગૌણ છે. (૯૫)

❉

અરે ભાઈ ! તું તારા અસંખ્ય પ્રદેશમાં આખે-આખો ચૈતન્યમૂર્તિ છો, તેમાં બેસી રહે ને ! ઉઠીને ક્યાં જાય છે ! (૧૧૫)

❉

શુભરાગને કર્તવ્ય માનવાની તો વાત જ શું ? મારું તો કોઈ કર્તવ્ય જ નથી, એમ પહેલાં પાકું થવું જોઈએ. (ધ્રુવમાં કર્તવ્ય કેમ હોઈ શકે ? હું તો ધ્રુવતત્ત્વ છું.) (૧૫૯)

❉

અહીં (સ્વદ્રવ્યમાં) દૃષ્ટિ જામી ગઈ, બસ તે જ મુક્તિ છે, મુક્તિ કરવી નથી. (૧૬૧)

❉

વસ્તુ વર્તમાનમાં પ્રત્યક્ષ પડી છે. વર્તમાનમાં જ મોજૂદ છે. એક સમયની પર્યાયની પાછળ આખેઆખી વસ્તુ પડી છે. લક્ષ કરે તે જ ક્ષણે દેખવામાં આવે છે. (૧૮૦)

❉

'વર્તમાનમાં જ હું કૃતકૃત્ય છું' એવી પોતાની વસ્તુમાં દૃષ્ટિ થઈ ત્યાં 'કરું કરું' એવી કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. બસ તે જ મુક્તિ છે. (૧૯૧)

❉

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પદશામાં હોય અને પાંચમા ગુણસ્થાનવાળો સવિકલ્પદશામાં હોય તો આનંદનું વેદન વિશેષ કોને હોય ?

સમાધાન :– નિર્વિકલ્પ દશામાં આનંદનું વેદન જુદું જ હોય છે, તેનો સવિકલ્પ સાથે મેળ કરાય જ નહિ. સરખામણી સવિકલ્પની સવિકલ્પ સાથે કરાય. નિર્વિકલ્પ–સવિકલ્પની સરખામણી કરાય જ નહિ. ચોથા ગુણસ્થાનની સવિકલ્પદશા કરતાં પાંચમા ગુણસ્થાનની સવિકલ્પદશામાં શુદ્ધિ–નિર્મળતા–શાંતિ–સમાધિ વધારે છે. સવિકલ્પ સાથે સવિકલ્પની અને નિર્વિકલ્પ સાથે નિર્વિકલ્પની સરખામણી કરાય. જો નિર્વિકલ્પ સવિકલ્પ જેવું થઈ ગયું તો નિર્વિકલ્પ કાંઈ જુદું રહ્યું જ નહિ. નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો કોઈ જુદો પ્રકાર જ ન રહ્યો. કે પાંચમા ગુણસ્થાનનું સવિકલ્પ અને ચોથા ગુણસ્થાનનું નિર્વિકલ્પ બંને સરખાં છે એમ ન હોય ! નિર્વિકલ્પદશા કાંઈ જુદી રહી જ નહિ. જ્ઞાનીને સવિકલ્પમાં રાગની આકુળતાનું વેદન અને શાંતિ સાથે વેદાઈ રહ્યાં છે. અને નિર્વિકલ્પદશામાં એકલો આનંદ વેદાઈ રહ્યો છે. એ રીતે તેમાં ફેર પડે છે. એકલો પોતાનો આનંદ વેદાઈ રહ્યો છે, જેમાં આકુળતા એકદમ અબુદ્ધિપૂર્વક છે તેનો પોતાને ખ્યાલ પણ નથી આવતો. એકલી નિરાકુળતા, એકલો આનંદ વેદાય છે. ઉપરની ભૂમિકાવાળાને સવિકલ્પમાં ભલે શાંતિ વધારે હોય પણ આકુળતા અને નિરાકુળતા બંને મિશ્રિત છે. તે મિશ્રિત વેદન અને એકલું નિર્વિકલ્પ વેદન તેમાં ફેર છે.

મુમુક્ષુ :– બંને જાત જ જુદી થઈ જાય છે.

બહેનશ્રી :– સવિકલ્પદશા રાગમિશ્રિત છે. નિર્વિકલ્પદશામાં એકલો આનંદ છે, એમ ફેર છે. વિભાવ-સ્વભાવ વચ્ચે જેવો ભેદ છે એવો ભેદ નહિ. જ્ઞાની સવિકલ્પદશામાંથી નિર્વિકલ્પદશામાં તો ક્યાંનો ક્યાં ચાલ્યો ગયો ! જુદા દેશમાં ચાલ્યો ગયો. આત્મામાં ડૂબી ગયો, સ્વાનુભૂતિમાં અંદર લીન થઈ ગયો. એ દશા ! અને સવિકલ્પદશા જે આકુળતા સાથે રહેલી છે, તેમાં ફેર છે. તેની સાથે તેની મીંઢવણી કરાય જ નહિ. ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિની ભૂમિકા નીચી છે અને દશા વધી ગઈ છે એવું પણ નથી. છતાં તેના વેદનમાં તે ક્ષણે જ ફેર છે.

મુમુક્ષુ :– સવિકલ્પદશામાં પરિણતિમાં સાથે આકુળતા રહેલી છે ?

બહેનશ્રી :– આકુળતાની સાથે પરિણતિમાં શાંતિ પણ છે. ઉપયોગ બહાર જાય છે તેમાં આકુળતા સાથે રહેલી છે. પ્રશસ્ત કે અપ્રશસ્ત ભાવ જે હોય પણ તેની સાથે આકુળતા છે. રાગનો વિકલ્પ છે. એકલું નિર્વિકલ્પ -વિકલ્પ વગર નિવૃત્તમય પરિણતિ, એકલી શાંતિમય પરિણતિ, જ્યાં બીજો કોઈ વિકલ્પ ઊઠતો નથી, અરે ! જ્યાં સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વનો વિકલ્પ પણ એકદમ ગૌણ છે. જાણે છે કે નથી એવી દશા ! તે દશાની સાથે સવિકલ્પતાની મીંઢવણી ન કરાય. ભૂમિકા ભલે વર્તમાન ગમે તે હોય. **(સ્વાનુભૂતિદર્શન-૩૦૮)**

✣

પ્રશ્ન :– શ્રદ્ધાનું બળ મંદ કેમ પડી જતું હશે ?

સમાધાન :– તે બધાનું કારણ પોતે જ છે. તેનું બીજું કારણ નથી. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' પોતાની જ ભૂલ છે, બીજા કોઈનું કારણ નથી. પોતે જ પ્રમાદને કારણે ક્યાંક ને ક્યાંક રોકાઈ જાય છે. પોતાનો પ્રમાદ છે એટલે થઈ શકતું નથી, પુરુષાર્થ ઊપડતો નથી ને તેથી ક્યાંક રોકાઈ જાય છે. પણ પોતાને લાગે કે કરવા જેવું તો આ જ છે, એમ અંદરથી જોર આવે તો પોતે પલટો મારે છે. વળી આકુળતા કે બહુ ખેદ કરવાથી પણ થતું નથી. અતિશય

દુઃખ અને આકુળતા કરે કે પ્રમાદ કેમ થાય છે ? તો પણ થતું નથી. ક્યાંક-ક્યાંક મૂંઝાઈને ગભરાટ થાય તો પણ થતું નથી. એ તો તેનો સરળતાથી રસ્તો વિચારે કે માર્ગ આ જ છે. પોતે જ્ઞાયક છે, તે જ્ઞાયકને એકને જ ગ્રહણ કરવાનો છે. તે નહિ ગ્રહણ થવાનું કારણ મારી પોતાની ખામી છે. બહારમાં બધે રોકાઈ રહ્યો છું તેથી મારું શ્રદ્ધાનું કાર્ય આવતું નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૩૦૯)**

પ્રશ્ન :– જેમ બહારથી જુદી જુદી વ્યક્તિને ઓળખી શકાય તેમ અંતર પુરુષાર્થ કરે તો પોતાનો આત્મા ઓળખી શકાય ? સ્પષ્ટ ઓળખી શકે ?

સમાધાન :– હા, આત્મા ઓળખી શકાય, પોતે જ છે. જ્ઞાન જ્ઞાનને ઓળખી શકે છે. એવો સૂક્ષ્મ ભેદ પાડી શકે છે. સ્પષ્ટ ઓળખી શકે. જેમ બહારમાં તેને શંકા પણ નથી પડતી, અને કોઈ તર્ક કરે કે તે આ માણસ નથી, તો કહે કે તે જ છે. વિચાર્યા વગર, તર્ક વગર પોતે નક્કી કરી નાખે છે કે તે આ જ માણસ છે, બીજા બધા કહે તે ખોટું છે. તેમ પોતાનું નક્કી કરી શકે કે આ હું જ છું, આ મારું જ અસ્તિત્વ છે. તર્ક વગર નિઃશંકપણે પોતાને ગ્રહણ કરી શકે કે આ હું જ છું, બીજો હું નથી, રાગાદિ હું નથી, એમ નિઃશંકપણે ગ્રહણ કરી શકે છે, પણ પુરુષાર્થ કરતો નથી. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૦)**

પ્રશ્ન :– બાહ્યમાં તો નિવૃત્તિ લીધી પણ અંતરની નિવૃત્તિ લેવી જોઈએ એમ આપ કહો છો તો અંતર-નિવૃત્તિ એટલે શું ?

સમાધાન :– અંતર-નિવૃત્તિ એટલે અંતરમાં અનેક જાતની વિકલ્પની ઘટમાળમાં રોકાતો હોય તો તેમાંથી પોતે છૂટી, વારંવાર ચૈતન્ય તરફ જવું તે અંતર-નિવૃત્તિ છે. અનેક જાતની ઘટમાળમાં રોકાતો હોય તેણે ચૈતન્ય તરફ વળીને ચૈતન્ય તરફના વિચારો કરવા, આ હું છું તેમ પોતાને ગ્રહણ કરવો. વિકલ્પજાળની પ્રવૃત્તિ વારંવાર આડે આવ્યા કરે અને ચૈતન્યના વિચારો ગૌણ થઈ જાય તો વિકલ્પજાળની પ્રવૃત્તિઓ ઓછી કરીને પોતાના તરફનો અભ્યાસ વધારે તે અંતર-નિવૃત્તિ છે. વાસ્તવિક નિવૃત્તિ તો પોતે જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમી જાય તે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૧)**

પ્રશ્ન :– મૂંઝવણ થાય તો રસ્તો પોતે કાઢી શકે ?

સમાધાન :– પોતે રસ્તો કાઢતો જાય. જેમ બહારની મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢે છે તેમ અંતરમાં પણ પોતે રસ્તો કાઢતો જાય–કોઈ વિકલ્પની ઘટમાળમાં નહિ મૂંઝાતાં પોતે રસ્તો કાઢીને ચૈતન્યનો અભ્યાસ કેમ વધે એ પ્રયત્ન કરે. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૨)**

પ્રશ્ન :– જ્ઞાની થયા પછી એમ ખબર પડે કે હવે પાછી આ વખતે નિર્વિકલ્પ દશા આવશે ?

સમાધાન :– નિર્વિકલ્પ દશા આ વખતે થશે, ક્યારે થશે ? એવા વિકલ્પ હોતા જ નથી. પોતાની પરિણતિને પોતે અંતરમાં વાળી સ્વરૂપની લીનતાનો પ્રયાસ કરે છે તેમાં, તેને કાળ ઉપર કે ક્યારે થશે તેનું ધ્યાન નથી. પોતાની પરિણતિ ન્યારી કરવા ઉપર ને જ્ઞાતાધારાની ઉગ્રતા કરવા ઉપર તેનું લક્ષ હોય છે. નિર્વિકલ્પ દશા ક્યારે થશે ? એ જાતનો વિકલ્પ હોતો નથી. એ તો પોતાની પરિણતિ ન્યારી કરતો જાય છે. ન્યારી પરિણતિમાં તેને સહજધારા ઊપડતાં નિર્વિકલ્પ દશા થાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૧૩)**

**ટ્રસ્ટના ‘સ્વાનુભૂતિપ્રકાશ’ના આ ગુજરાતી અંક (નવેમ્બર–૨૦૧૨નું) શુલ્ક શ્રી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, કલકત્તાના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

**'અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ; અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે. ...(તે માટે) ઘણુંય જણાવવાની ઇચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઇચ્છા રહી નથી.'**

પરમ કૃપાળુદેવની સ્વરૂપમાં એકત્વની વિશેષ તારતમ્યતાયુક્ત અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અને એ પરિણતિને વશ પોતે અબધુ થયા છે. પરમ કૃપાળુદેવનો માર્ગમાં પ્રવેશ બળવાનપણે થયો છે કેજેને લીધે શરૂઆતતના દિવસોમાં જ આત્માની મસ્તી, અબધુ મહાત્મા જેવી અદ્‌ભુત થઈ છે. ધન્ય છે આવી આરાધનાને !

પોતાના જેવી આત્મદશા કરવા માટે ઘણા જીવો પ્રત્યે તેઓશ્રીની કરુણાદષ્ટિ છે અને તે માટે ઘણું જણાવવાની ઇચ્છા થાય છે તો પણ વિકલ્પો મર્યાદિત થઈ જવાને લીધે અથવા રાગરસ ઘટી જવાને લીધે લખવાની કે બોલવાની ઝાઝી ઇચ્છા સહજપણે રહી નથી.

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૦મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૦મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૬-૧૨-૧૨ થી માગશર સુદ-૮, તા. ૨૦-૧૨-૧૨ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડીયો સી.ડી. તત્ત્વચર્ચા, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૯-૧૨-૧૨ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે.

આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ :– **'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'** પ્લોટ નં. ૧૯૪૨–બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર–૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧,

## સુપ્રભાત

શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ શ્રી મહાવીરપ્રભુના નિર્વાણકલ્યાણક દિને, આત્મહિતની તીવ્ર ભાવનાના દીપ પ્રગટાવી શાશ્વત સુખ-શાંતિને પ્રાપ્ત કરીએ એ ભાવના સાથે તેઓશ્રીના પાવન ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન હો, વંદન હો !

નૂતન વર્ષના સુપ્રભાતે સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરી ભાવનિદ્રા ટાળી સમ્યક્‌ત્વરૂપ સુપ્રભાત પ્રગટ કરીએ, અજ્ઞાન અંધકારનો નાશ કરીએ એવી ભાવના સાથે 'સ્વાનુભૂતિપ્રકાશ'ના સર્વ પાઠક વર્ગને નૂતન વર્ષાભિનંદન !




**૧૭૩**

મુંબઈ, કારતક વદ ૩, શનિ, ૧૯૪૭

**'પ્રવૃત્તિ છે તો તેને માટે કંઈ અસમતા નથી; પરંતુ નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત.'**

પોતાને પૂર્વ ઉપાર્જેલા કર્મબંધનને લીધે પ્રવૃત્તિ છે અર્થાત્ પ્રવૃત્તિની ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ નથી. તેમ છતાં તે પ્રવૃત્તિ નવા કર્મબંધનનું કારણ નથી. તેવી દશામાં વર્તના હોવાથી, અને ઉપાર્જિત કર્મ સમભાવે વેદવાયોગ્ય હોવાથી, પ્રવૃત્તિ સંબંધી વિષમ પરિણામ કે અસમતા થતી નથી. તેથી પોતાને તે નુકસાનનું કારણ નથી; પરંતુ બાહ્ય નિવૃત્તિ હોત તો બીજા મુમુક્ષુ આત્માઓને સત્સંગનો યોગ વિશેષપણે પ્રાપ્ત થઈ શકે અને તેથી તેઓને સન્માર્ગ પ્રાપ્ત થવાનું નિમિત્તકારણ થાત અથવા અપૂર્વ હિતનું આપનાર થાત.

**૧૭૬**

મુંબઈ, કારતક વદ ૩, શનિ, ૧૯૪૭

**'જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી આ વાક્ય નિઃશંક અનુભવનું છે. ....કે, જેને છૂટવાની દઢ ઇચ્છા થાય છે. તેને બંધનનો વિકલ્પ મટે છે; અને એ આ વાર્તાનો સત્સાક્ષી છે.'**

સ્વયં અનુભવથી, પરમ કૃપાળુદેવ અહીં જણાવે છે કે જે જીવને કર્મબંધનથી છૂટવા સિવાય અર્થાત્ મોક્ષસિવાય બીજું ધ્યેય નથી તે જીવ બંધનમાં આવતો નથી; કારણ કે જેને છૂટવાની અંતરથી ભાવનાપૂર્વક નિર્ધાર થાય છે, તે જીવને પોતાની ભાવના-વિરુદ્ધના પરિણામ થતા નથી અથવા કદાપિ થાય તો તીવ્ર રસે કરીને થતા નથી, અને મંદરસથી થતા પરિણામનો પણ નિષેધ વર્તે છે. આવી યોગ્યતામાં વર્તતા જીવને બંધનની એટલે કે ભવની શંકા મટે છે જેની સાક્ષી પોતે જ છે. ઉપરોક્ત દશામાંથી પસાર થઈને પોતે આગળ વધી મોક્ષમાર્ગમાં વધતી દશાએ પ્રવર્તી રહ્યા છે. આ વિષયનું સૈદ્ધાંતિક રહસ્ય એવું છે કે મુમુક્ષુજીવનની વાસ્તવિક શરૂઆત પૂર્ણતાના લક્ષે થાય છે; અને જેને પૂર્ણ શુદ્ધ થવાનું ધ્યેય બંધાયું હોય તેને જ ગ્રંથિભેદ થવા જે પ્રમાણમાં વીર્યગતિ-જાગૃતિ આદિ જોઈએ તે પ્રમાણમાં શરૂઆત થઈ, વર્ધમાનપણું થયા કરે છે. તેવા જીવને મોક્ષના ભણકાર અંદરથી આવે છે.

**'એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઇચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે'માં સમાઈ જવું એમ રહે છે. અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીનેકરવો એ એક રટણ છે. પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે. અલખ સમાધિ પામે તો સારું અને તે માટે કેટલુંક મનન છે.'**

પરમ કૃપાળુદેવના પરિણમનમાં નિશ્ચય-વ્યવહાર-સંધિયુક્ત સહજ સ્થિતિ વર્તે છે; તેમાં એક બાજુથી જિનેશ્વરદેવનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે તે માટે શીઘ્ર પ્રકાશવાની ઇચ્છા રહે છે તો બીજી બાજુથી અતીન્દ્રિય અંતર્મુખ ભાવમાં સમાઈ રહેવું એમ રહે છે. જો કે ઇન્દ્રિયથી પાર (અલખ) એવા પરિણમનમાં આત્માનો સારી રીતે ભાવે સમાવેશ થયો છે દ્રવ્યે કરીને તેવી જ સ્થિતિ રહી જાય તેવું એક નિરંતર લક્ષ રહે છે અર્થાત્ પૂર્ણદશાનું લક્ષ રહે છે. બીજા મુમુક્ષુઓ પણ આવી સ્વરૂપ-સમાધિને પામે તો સારું તે માટે સહજપણે કેટલુંક મનન ચાલે છે. આમ અંતર અને બાહ્ય પ્રવૃત્તિનો વ્યવહારે સુમેળ હોવા છતાં નિશ્ચયે પ્રતિકૂળ છે. પરંતુ બન્નેમાંથી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિમાં કર્તૃત્વ નહિ હોવાથી તેનો નિર્ણય કુદરત આધીન પોતે છોડી દે છે.